## ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય ભરતી માટેની પસંદગી સમિતિ,

## કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

### (રજીસ્ટર થયેલી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની પસંદગી અંગેની જાહેરાત-૨૦૨૩ અન્વયે સૂચનાઓ)

**Date: 24/05/2023**

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગરના તા.૨૫/૦૭/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૭૭/બીએમએસ/૧૧૧૫/૧૨૯૫/જી, તા.૦૯/૦૮/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: બમશ/૧૧૧૭/૨૪૨૫/ગ, તા.૨૯/૦૯/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૭/બીએમએસ/ ૧૧૦૯/૧૯૦૬/જી, તા.૮/૧૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: એમએસબી/૧૨૧૧/૧૫/સીએચ/એચ, તા.૨૫/૧૦/૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: બમશ/૧૧૧૭/૨૪૨૫/ગ, તા.૨૧/૧૦/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૪૫/બીએમએસ/૧૧૧૫/૧૨૯૫/જી, તા.૨૦/૧૦/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૪૨/૨૦૨૨ /બીએમએસ/૧૧૧૫/૧૨૯૫/જી તેમજ સરકારશ્રીના વખતોવખતના સ્થાયી ઠરાવો અને જોગવાઈઓ અન્વયે રાજ્યની રજીસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ખાલી જગ્યાઓ પર ભરતી અંગેની જાહેરાત વર્ષ-૨૦૨૩ અન્વયે મેરીટના ધોરણે પસંદગી યાદી તૈયાર કરવા માટે નિયત કરેલ શૈક્ષણિક તથા વ્યાવસાયિક લાયકાત તેમજ નિયત કરેલ અનુભવ ધરાવતા ઉમેદવાર પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. લાયકાત ધરાવતા ઉમેદવારો તા.૨૨/૦૫/૨૦૨૩ થી તા.૦૪/૦૬/૨૦૨૩ના રોજ રાત્રે ૧૨.૦૦ કલાક સુધી https://gserc.in/ વેબસાઈટ પર મૂકવામાં આવેલ નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈ ઓનલાઈન અરજી કરી શકશે.

✓ **શૈક્ષણિક લાયકાત અને વ્યાવસાયિક લાયકાત:-**

- ઉમેદવારે બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય માટેની અભિરૂચિ કસોટી વર્ષ-૨૦૧૭ અથવા વર્ષ-૨૦૨૨માં ઉત્તિર્ણ કરેલ હોવી જોઇશે.
- જો કોઇ ઉમેદવારે આચાર્ય માટેની અભિરૂચિ કસોટી વર્ષ-૨૦૧૭ અને વર્ષ-૨૦૨૨ એમ બંને ઉત્તિર્ણ કરેલ હોય તો ઉમેદવારે ઇચ્છે તે કોઇ પણ એક જ પ્રમાણપત્ર પર અરજી કરી શકશે. જો એક જ ઉમેદવાર દ્વારા બે અરજી કરવામાં આવશે તો ઉમેદવારની બંને અરજી રદ કરવામાં આવશે તથા ઉમેદવાર પર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
- આચાર્યની જગ્યા માટે લાયકાત, અનુભવ અંગેની જોગવાઈઓ શિક્ષણ વિભાગના જાહેરનામા તા.૨૫/૦૭/૨૦૧૭ની જોગવાઈ નંબર-૬(૧) મુજબ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૧/૧૫/છ તા.૮/૧૧/૨૦૧૯ થી થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ-૨૦(૧)ના છેલ્લા સુધારાઓ ધ્યાને લેતા નીચે મુજબ રહેશે.

✓ રજીસ્ટર્ડ થયેલી શાળામાં આચાર્યની નિમણૂંક માટેની ન્યુનતમ લાયકાત:

- કોઈ વ્યક્તિ નોંધાયેલી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઈ વિષયમાં અનુસ્નાતક સાથે બી.એડ. અથવા માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઈ વિષયમાં સ્નાતક સાથે એમ.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતો હોય અને નોંધાયેલ ગ્રાન્ટ-ઈન-એઈડ/સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂંક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો ઓછામાં ઓછો કુલ ૭ (સાત) વર્ષનો અનુભવ ધરાવતી હોય.

અથવા

- કોઈ વ્યક્તિ નોંધાયેલી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઈ વિષયમાં સ્નાતક સાથે બી.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતો હોય અને રજીસ્ટર્ડ ગ્રાન્ટ-ઈન-એઈડ/સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂંક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો ઓછામાં ઓછો કુલ ૧૦(દસ) વર્ષનો અનુભવ ધરાવતી હોય.

  … તે સિવાય તેને હેડમાસ્તર તરીકે નીમી શકાશે નહીં.

- માત્ર કન્યાઓ માટેની શાળામાં ઉપરોક્ત લાયકાતો ધરાવતી સ્ત્રી સિવાય બીજી કોઈ વ્યક્તિની હેડમાસ્તર તરીકે નિમણૂંક કરી શકાશે નહીં.

✓ અનુભવનું પ્રમાણપત્ર –

a. જો ઉમેદવાર શિક્ષક તરીકેનો અને આચાર્ય તરીકેનો એમ બંને અનુભવ ધરાવતા હોય તો બંને અનુભવના પ્રમાણપત્રો અલગ અલગ મેળવવાના રહેશે.
b. નોન-ગ્રાન્ટેડ શાળાનો અનુભવ ગ્રાહ્ય રાખવાપાત્ર રહેશે નહીં.
c. નોન-ગ્રાન્ટેડ માંથી ગ્રાન્ટેડ તરીકે મંજુર થયેલ શાળામાં શિક્ષણ વિભાગના માન્ય ઠરાવથી વિનિયમિત થયેલ શિક્ષકનો અનુભવ તેઓના વિનિયમિત કરવા અંગેના શિક્ષણ વિભાગના ઠરાવમાં દર્શાવેલ તારીખ બાદની જ સેવાઓ અનુભવ તરીકે ગ્રાહ્ય રાખવાપાત્ર થશે.તે અગાઉની સેવાઓ અનુભવ તરીકે ગણતરીમાં લેવાની રહેશે નહીં.

✓ ઉમેદવારી માટેનું એન.ઓ.સી.-

- જે સરકારી/ગ્રાન્ટેડ સંસ્થામાં ફરજ બજાવતા હોય તેના સંબંધિત નિમણૂંક સત્તાધિકારી પાસેથી આચાર્યની જગ્યા માટે ઉમેદવારી નોંધાવા સબબ એન.ઓ.સી. રજુ કરવાની રહેશે.

✓ ભરવાપાત્ર જગ્યાઓ:-

- જે તે જિલ્લામાં બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જિલ્લાવાર તથા શાળાવાર ભરવાપાત્ર જગ્યાઓની યાદી વેબસાઈટ પર દર્શાવવામાં આવેલ છે.
- પ્રસ્તુત જાહેરાતમાં નિર્દેશ કરેલ અંદાજીત ખાલી જગ્યાઓ ફેરફારને આધીન છે.વર્ગ ઘટાડા તથા અન્ય વહીવટી/આકસ્મિક કારણોસર જગ્યા રદ થતા, તેવી ખાલી જગ્યાઓ પર ઉમેદવારનો કોઈ હક્કદાવો રહેશે નહીં. પસંદગી સમયે ઉપલબ્ધ ખરેખર ખાલી જગ્યા પર જ પસંદગી પામેલ ઉમેદવારોને મળેલ ગુણાંકન ક્રમ અનુસાર પસંદગીની તક ઉપલબ્ધ થશે, જેની નોંધ લેવી.
- આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ આચાર્ય ભરતી સંદર્ભે નામ.હાઇકોર્ટમાં દાખલ થયેલ તમામ કેસોના ચુકાદાને આધીન રહેશે.
- સદર જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ પૈકી કોઈપણ જગ્યા રદ કરવા અંગેનો સમિતિનો નિર્ણય આખરી રહેશે.

✓ અરજીપત્રક ઓનલાઈન ભરવા બાબતની અગત્યની સૂચનાઓ:-

1. અરજી પત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સૂચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.
2. ઉમેદવારોની અરજી કરવાની પ્રક્રીયા નીચે મુજબ છે,
   - https://gserc.in/ વેબસાઈટ પર જઈ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અરજી કરવા ઈચ્છતા ઉમેદવારે "Apply for Grant-in-Aid Principal" પર ક્લિક કરવું.
     - ત્યારબાદ પ્રથમ આપે રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરાવવા માટે આપની સ્ક્રીન પર દેખાતા New User ? Click Here to Register Link ઓપ્શન પર ક્લિક કરવાની રહેશે.
   - તેના પર ક્લિક કરતા આપે પોતાનો HMAT NO, DATE OF BIRTH, **PASSING YEAR**, PAN NO, EMAIL ID, MOBILE NUMBER, PASSWORD, CONFIRM PASSWORD, CAPTCHA નાખવાના રહેશે.
   - ત્યારબાદ Verify Mobile Number પર ક્લિક કરવાની રહેશે. ક્લિક કરતા આપે જે મોબાઈલ નંબર નાખેલ હશે તે મોબાઈલ નંબર પર OTP આવશે મોબાઈલ નંબર પર આવેલ OTP નાખતા આપનું રજીસ્ટ્રેશન પૂર્ણ થશે.
   - રજીસ્ટ્રેશન પૂર્ણ થયા બાદ આપે અરજી ફોર્મ ભરવા માટે ફરીથી લોગ-ઇન કરવાનુ રહેશે. જે માટે આપે રજીસ્ટ્રેશન વખતે આપેલ HMAT NO., Date of Birth, Passing year, Password અને Captcha નાખવાનો રહેશે.
   - આપે રજીસ્ટ્રેશન સમયે જે Password નાખ્યો હશે તે સમગ્ર પ્રક્રીયા દરમિયાન એક જ રહેશે.

3. લાયકાત ધરાવતા ઉમેદવારો ઓનલાઈન અરજી તા.૨૨/૦૫/૨૦૨૩ થી તા.૦૪/૦૬/૨૦૨૩ ના રોજ રાત્રે ૧૨.૦૦ કલાક સુધી વેબસાઈટ પર કરી શકશે. ઉમેદવારો ઓનલાઇન અરજી ફી ભરી ફાઇનલ સબમિટ નહી આપે ત્યાં સુધી પોતાની અરજીની વિગતો edit કરી શકશે. ઓનલાઇન અરજી ફી ભરી ફાઇનલ સબમિટ આપ્યા બાદ ઉમેદવાર અરજીમાં કોઈ સુધારા-વધારા કરી શકશે નહિં. તેની ખાસ નોંધ લેવી. તેમજ આ અંગે કોઈ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
4. ઓનલાઇન અરજી કરવામાં ઉમેદવાર પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહી જેથી સંપૂર્ણ કાળજીપૂર્વક ઓનલાઇન અરજી કરવાની જવાબદારી અરજી કરનારની રહેશે.
5. માત્ર અને માત્ર ઓનલાઈન અરજી જ કરવાની રહેશે.
6. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો WhatsApp મોબાઈલ નંબર અવશ્ય આપવાનો રહેશે આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહીં. જેથી આ ભરતી પ્રક્રિયા અંગેના SMS/WhatsAppના માધ્યમથી સરળતાથી મળી શકે તેમજ જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.
7. આ જાહેરાતનો હેતુ હાલ માત્ર પસંદગી યાદી તૈયાર કરવાનો છે. જેથી આ ફોર્મ ભર્યેથી નોકરી મળી જ જશે તેવુ માનવું નહી.
8. ઓનલાઇન અરજી સંદર્ભે કોઇ મૂંઝવણ હોય તો પોતાના જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીનો સંપર્ક કરી શકશો.
9. ઉમેદવાર હાલ જે જિલ્લામાં ફરજ બજાવે છે તે જ જિલ્લાના સ્વીકાર કેન્દ્ર પર અરજી ચકાસણી કરાવવાની રહેશે.

✓ **ઓનલાઈન ફી :-**

1. ઉમેદવારે અરજી ફી રૂા.300.00 (અંકે રૂપિયા ત્રણસો પુરા) ભરવાના રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત મળી શકશે નહી.
2. ફોર્મ ભરનાર ઉમેદવારે ભરવાપાત્ર નિયત અરજી ફી ઓનલાઈન ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ, નેટ બેન્કીંગના માધ્યમથી ભરી શકાશે.
3. ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ, નેટ બેન્કીંગ સંબધિત કોઇપણ પ્રકારનો ચાર્જ જે તે બેન્ક દ્વારા વસુલ કરવામાં આવે તે ઉમેદવારે ભોગવવાનો રહેશે.

✓ **સ્વીકાર કેન્દ્ર પર અરજી જમા કરાવવા / ચકાસણી અંગેની સૂચનાઓ**

1. ઉમેદવારે ફી ભર્યા બાદ ઓનલાઇન અરજી પત્ર Save અને Submit કરી તેની પ્રિન્ટ સ્વ-હસ્તાક્ષર કરી, ઓનલાઇન ફોર્મમાં દર્શાવેલ લાયકાત તથા અનુભવના ગુણપત્રકો/પ્રમાણપત્રો તથા અન્ય તમામ આનુષાંગિક આધારો અસલ તેમજ તેની સ્વપ્રમાણિત ૨ (બે) નકલ સહિત અરજી પત્રકમાં દર્શાવેલ જે તે જિલ્લાના સ્વીકાર કેન્દ્ર

પર તા.૨૫/૦૫/૨૦૨૩ થી તા.૦૭/૦૬/૨૦૨૩ (રવિવાર સિવાય) દરમ્યાન ચકાસણી અર્થે રજૂ કરવાની રહેશે.

2. ઉમેદવારે સ્વીકાર કેન્દ્ર પર ઓનલાઇન અરજી જમા કરાવતા સમયે નીચે મુજબના આધારો અસલ તથા ૨ (બે) સ્વપ્રમાણિત નકલમાં રજૂ કરવાના રહેશે.

| ક્રમ | પ્રમણપત્રોની વિગત |
|---|---|
| ૧ | હાલ સરકારી/ગ્રાન્ટેડ સંસ્થામાં ફરજ બજાવતા કર્મચારીઓએ સંબંધિત નિમણુક સત્તા મંડળ પાસેથી સદર અરજી કરવા માટે મેળવેલ એન.ઓ.સી. |
| ૨ | નામ/અટકમાં ફેરફાર કરાવેલ હોય તો સોગંદનામું / સરકારી ગેઝેટની નકલ(નામમાં મોટો તફાવત હોય તેવા કિસ્સામાં) / પરિણીત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ |
| ૩ | શાળા છોડ્યા અંગેનુ પ્રમાણપત્ર |
| ૪ | કમ્પ્યુટર જાણકારી અંગેનુ પ્રમાણપત્ર/કોઇપણ લાયકાતની માર્કશીટ |
| ૫ | HMAT પરીક્ષાની માર્કશીટ |
| ૬ | શૈક્ષણિક સ્નાતક (બધા જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક) |
| ૭ | શૈક્ષણિક સ્નાતક પદવી પ્રમાણપત્ર |
| ૮ | શૈક્ષણિક સ્નાતકનું ટ્રાયલ પ્રમાણપત્ર |
| ૯ | શૈક્ષણિક સ્નાતક કુલગુણ/મેળવેલ ગુણનુ પ્રમાણપત્ર(જો લાગુ પડતુ હોય તો) |
| ૧૦ | શૈક્ષણિક અનુસ્નાતક (બધા જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક) |
| ૧૧ | શૈક્ષણિક અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર |
| ૧૨ | શૈક્ષણિક અનુસ્નાતકનું ટ્રાયલ પ્રમાણપત્ર |
| ૧૩ | શૈક્ષણિક અનુસ્નાતક કુલગુણ/મેળવેલ ગુણનુ પ્રમાણપત્ર(જો લાગુ પડતુ હોય તો) |
| ૧૪ | વ્યાવસાયિક સ્નાતક (બધા જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક) |
| ૧૫ | વ્યાવસાયિક સ્નાતક પદવી પ્રમાણપત્ર |
| ૧૬ | વ્યાવસાયિક સ્નાતકનું ટ્રાયલ પ્રમાણપત્ર |
| ૧૭ | વ્યાવસાયિક સ્નાતક કુલગુણ/મેળવેલ ગુણનુ પ્રમાણપત્ર(જો લાગુ પડતુ હોય તો) |
| ૧૮ | વ્યાવસાયિક સ્નાતક NCTE/RCI માન્યતાનુ પ્રમાણપત્ર |
| ૧૯ | વ્યાવસાયિક અનુસ્નાતક (બધા જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક) (જો લાગુ પડતુ હોય તો) |
| ૨૦ | વ્યાવસાયિક અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર(જો લાગુ પડતુ હોય તો) |
| ૨૧ | વ્યાવસાયિક અનુસ્નાતકનું ટ્રાયલ પ્રમણપત્ર(જો લાગુ પડતુ હોય તો) |
| ૨૨ | વ્યાવસાયિક અનુસ્નાતક કુલગુણ/મેળવેલ ગુણનુ પ્રમાણપત્ર(જો લાગુ પડતુ હોય તો) |
| ૨૩ | વ્યાવસાયિક અનુસ્નાતક NCTE/RCI માન્યતાનુ પ્રમાણપત્ર (જો લાગુ પડતુ હોય તો) |
| ૨૪ | શિક્ષક તરીકેના અનુભવના પ્રમાણપત્ર |
| ૨૫ | આચાર્ય તરીકેના અનુભવના પ્રમાણપત્ર |
| ૨૬ | ચાલુ નોકરી દરમિયાન નિયમિત અભ્યાસક્રમથી લાયકાત મેળવેલ હોય તો સમગ્ર અભ્યાસ અને પરીક્ષાના દરમિયાન સક્ષમ સત્તાધિકારી દ્વારા રજા મંજુરીના આધારો તથા External/Distance અભ્યાસક્રમથી લાયકાત મેળવેલ હોય તો પરીક્ષાના સમયગાળા દરમિયાન સક્ષમ સત્તાધિકારી દ્વારા રજા મંજુરીના આધારો |

| | |
|---|---|
| ૨૭ | ચાલુ નોકરી દરમિયાન રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી મેળવેલ હોય તે તમામ લાયકાત માટેના પ્રમાણપત્ર |
| | ૧. અન્ય રાજ્યમાં સ્નાતક થયા હોય તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનું સ્થળાંતર પ્રમાણપત્ર (માઈગ્રેશનસર્ટી) ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ. |
| | ૨. અન્ય રાજ્યમાં અનુસ્નાતક થયા હોય તો સ્નાતકનો છેલ્લો અભ્યાસ જે યુનિવર્સીટીમાંથી કરેલ હોય તેનું સ્થળાંતર પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ. |
| | ૩. અન્ય રાજ્યની કોલેજ અથવા યુનિવર્સીટીનું બોનાફાઈડ પ્રમાણપત્ર |
| | ૪. અભ્યાસ દરમિયાન જ્યાં રહેઠાણ હોય તેનો પુરાવો, હોસ્ટેલમાં રહેઠાણ હોય તો હોસ્ટેલ ફી ભર્યાની પાવતી. |
| | ૫. પરીક્ષા જે સ્થળે આપેલ હોય તે સ્થળની હોલ ટીકીટ. |
| | ૬. અભ્યાસ કરેલ કોલેજ યુનિવર્સીટી પાસેથી મેળવેલ જોડાણની નકલ અથવા માન્યતાની નકલ. |
| | ૭. માન. યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની લાયકાત રેગ્યુલર અભ્યાસક્રમ (નિયમીત અભ્યાસક્રમ)થી મેળવેલ છે. તે અંગે યુનિવર્સિટી રજીસ્ટ્રારનું પ્રમાણપત્ર. |
| | ૮. ઉપરોક્ત પુરાવા સિવાયનો અન્ય કોઈ પુરાવો હોય તો તે |
| ૨૮ | ગુજરાત રાજ્યમાં આવેલી અને અગાઉ એસ.એન.ડી.ટી સાથે જોડાણ ધરાવતી કોલેજામાંથી ચાલુ નોકરી દરમિયાન વર્ષ-૨૦૧૨ પછી લાયકાત મેળવેલ હોય તેવા ઉમેદવારોએ તે કોલેજે ગુજરાતની કોઈ પણ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવ્યા અંગેનો આધાર |

3. જો ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો, લાયકાત તથા અનુભવના ગુણપત્રકો/પ્રમાણપત્રો તથા અન્ય તમામ આધારોની ચકાસણી કરતા યોગ્ય જણાશે તો સ્વીકાર કેન્દ્ર પરથી Approved કરવામાં આવશે. ઉમેદવારે અરજીપત્રક અન્વયે અપૂરતા / અયોગ્ય આધારો રજુ કરેલ હશે તો સ્વીકાર કેન્દ્ર પરથી અધિકારી/કર્મચારી દ્વારા જરૂરી યોગ્ય આધારો રજુ કરવા સૂચવવામાં આવશે. તદ્દનુસાર ઉમેદવારે જરૂરી ખૂટતા આધાર પુરાવાઓ સાથે અરજી પુન: સ્વીકાર કેન્દ્ર પર મોડામાં મોડી તા.૦૭/૦૬/૨૩ સુધી જમા કરવાની રહેશે. સમય-મર્યાદામાં યોગ્ય આધારો સહ અરજી જમા ન કરનાર ઉમેદવારોની અરજી ગ્રાહ્ય રહેશે નહિં.
4. સ્વીકાર કેન્દ્ર પર અરજી Approved થયા બાદ જ ઉમેદવારની અરજી સ્વીકૃત બનશે. જેની ખાસ નોંધ લેશો.
5. સ્વીકાર કેન્દ્ર પર ઉમેદવારની અરજી ચકાસણી બાદ, આચાર્ય માટેની લાયકાત અને અનુભવના નિયત ધારા ધોરણો મુજબ યોગ્યતા ન ધરાવતી ઉમેદવારની અરજીઓ રદ થવાને પાત્ર ગણાશે તેમજ જે ઉમેદવારોના ઓનલાઈન અરજી ફોર્મમાં દર્શાવેલ લાયકાતોના ગુણમાં સુધારો થવાપાત્ર હશે તો તેઓના ગુણાંકનમાં સુધારો થવા પાત્ર રહેશે.

6. આવા ઉમેદવારોની યાદી વિગતવાર કારણસહિત વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે અને તે અન્વયે ઉમેદવારો પાસેથી વાંધા અરજીઓ મંગાવી, રજુઆતની યોગ્ય તક આપ્યા બાદ ફાઈનલ મેરીટ લિસ્ટ જાહેર કરવામાં આવશે.

## ✓ ટ્રાયલ અંગેની સૂચનાઓ

a. ઉમેદવારે છેલ્લે આપેલ પરીક્ષા એટલે કે જે તે લાયકાતના અંતિમ સેમેસ્ટર/અંતિમ વર્ષમાં નાપાસ/ગેરહાજર હોય તો જ ટ્રાયલ ગણવાપાત્ર થાય. જો લાયકાતના અંતિમ વર્ષ/સેમેસ્ટરમાં નાપાસ/ગેરહાજર ન હોય તો ટ્રાયલ ગણવો નહીં. સદર બાબતે આપે યુનિવર્સીટીમાંથી મેળવેલ ટ્રાયલ સર્ટીફિકેટમાં દર્શાવેલ ટ્રાયલની વિગત જુદી પડવાની શક્યતાઓ રહેલ છે. પરંતુ આ અંગે આપે યુનિવર્સીટી પાસેથી સુધારેલ ટ્રાયલ સર્ટિફીકેટ લેવાની જરૂરીયાત રહેતી નથી.

b. જો અંતિમ વર્ષ/સેમેસ્ટરમાં નાપાસ હોય/ગેરહાજર હોય અને ઉમેદવારે તમામ વિષયની પરીક્ષા ફરીથી આપેલ હોય તો, ટ્રાયલ ગણવાનો રહેતો નથી તથા જો અંતિમ વર્ષ/સેમેસ્ટરમાં નાપાસ/ગેરહાજર હોય તો જ્યારે કોઈ વિષયની મુક્તિ લઈ અમુક વિષયની પરીક્ષા ફરીથી આપેલ હોય તો ફરીથી જેટલા વિષયની પરીક્ષા આપેલ હોય તેટલા વિષયના કુલ/મેળવેલ ગુણ ગ્રાન્ડ ટોટલમાં ઉમેરી સરવાળો કરવો અને ગુણ ગણતરી કરવી. જ્યારે કોઈ યુનિવર્સીટીના કિસ્સામાં ગ્રાન્ડ ટોટલની ગણતરીમાં તમામ વર્ષ/સેમેસ્ટરના કુલ/મેળવેલ ગુણ આપેલ હોય અને અંતિમ વર્ષ/સેમેસ્ટર સિવાય ટ્રાયલ હોય તો નાપાસ ગુણની જગ્યાએ પાસના રિપ્લેસ કરવા.

c. જો કોઈ ઉમેદવારે એક કરતા વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરી હોય અને તેવી પરીક્ષામાં યુનિવર્સીટી દ્વારા આંતરિક મૂલ્યાંકન અને પ્રેક્ટીકલની પરીક્ષા ફરીથી લેવામાં આવતી ન હોય અને પ્રથમ પ્રયત્ન વખતે મેળવેલ આંતરિક મૂલ્યાંકન અથવા પ્રાયોગિક પરીક્ષા/પાઠમાં મેળવેલ ગુણને જ ધ્યાને લેવાતા હોય તેવા કિસ્સામાં વધારાના પ્રયત્નો વખતે ગુણાંકન કરતી વખતે આવા મૂલ્યાંકનના ગુણ દર્શાવેલ હોય તો તેને ધ્યાને ન લેતાં ફક્ત વાસ્તવિક પરીક્ષા આપી હોય તેટલાં જ વિષયના કુલ ગુણ અને મેળવેલ અને પ્રથમ વખતે મેળવેલ આંતરિક ગુણાંકન કે પ્રાયોગિક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાને લેવાના રહેશે.

## ✓ ગુણાંકન દર્શાવવા અંગેની સૂચનાઓ

a. કુલ ગુણ અને મેળવેલ ગુણની ગણતરી બાબતે જુદી જુદી યુનિવર્સિટીઓ અને એક જ યુનિવર્સિટીના જુદા જુદા વર્ષના વિદ્યાર્થીઓના કિસ્સામાં અલગ અલગ પદ્ધતિઓ હોઇ તમામ વિદ્યાર્થીઓના કિસ્સામાં એકસુત્રતા જળવાઇ રહે અને કોઇપણ ઉમેદવારને અન્યાય ન થાય

તેવા હેતુથી ભરતી સમિતિએ કુલ ગુણ અને મેળવેલ ગુણ બાબતે નીચે મુજબનો નિર્ણય કરેલ છે.

b. ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફોર્મમાં તેઓની માર્કશીટમાં આપેલ કુલ ગુણ અને મેળવેલ ગુણજ દર્શાવવા,જો લાયકાતની માર્કશીટમાં કુલ ગુણ મેળવેલ ગુણ આપેલ ન હોય અને ફક્ત CGPA/CPI/GRADE આપેલ હોય તેવા ઉમેદવારોએ યુનિવર્સિટી/પોતાની કોલેજ પાસેથી પ્રમાણપત્ર મેળવીને જ કુલ ગુણ/મેળવેલ ગુણ દર્શાવવા, અને આ અંગે ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે યુનિવર્સિટી/પોતાની કોલેજ પાસેથી મેળવેલ પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે. ફોર્મ્યુલાની મદદથી કન્વર્ટ કરેલ કુલ ગુણ મેળવેલ ગુણ માન્ય રહેશે નહી.

c. શૈક્ષણિક સ્નાતક અને અનુસ્નાતકમાં યુનિવર્સિટી દ્વારા જે પેટર્નમાં ગ્રાન્ડ ટોટલ દર્શાવેલ હોય તે મુજબ જ દર્શાવવું B.Ed.માં Practical સહિતનું ગુણાંકન ધ્યાને લેવું.

d. જો First Year (F.Y.)/Second Year (S.Y.) અન્ય યુનિવર્સિટીમાંથી કરેલ હોય અને Third Year (T.Y.) ની માર્કશીટમાં T.Y. જે યુનિવર્સિટીમાંથી કરેલ હોય તે યુનિવર્સિટીની પેટર્નમાં F.Y./S.Y. ગ્રાન્ડ ટોટલમાં ગણેલ હોય તો ઉમેદવારે યુનિવર્સિટીની T.Y.ની માર્કશીટની પેટર્ન મુજબ F.Y./S.Y. ના માર્ક્સ ઉમેરવા. જો જે-તે લાયકાતના બધા જ સેમેસ્ટર/વર્ષ એકજ યુનિવર્સીટીમાંથી પાસ કરેલ હોય તો જે-તે યુનિવર્સીટીની પેટન્ટ મુજબના જ ગુણ લખવા.

e. અરજીપત્રકમાં દર્શાવેલ લાયકાત અંગેના ગુણપત્રકો/પ્રમાણપત્રો સક્ષમ સત્તાધિકારીના પ્રમાણપત્ર ચકાસણીના દરેક તબક્કે રજુ કરવાના રહેશે.

## ✓ કમ્પ્યુટર જાણકારી અંગેનું પ્રમાણપત્ર

a. કમ્પ્યુટરની લાયકાત અન્વયે જે ઉમેદવારો ધોરણ-૧૦/ધોરણ-૧૨/શૈક્ષણિક અને વ્યાવસાયિક સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ કમ્પ્યુટર વિષય તરીકે પાસ કરેલ હોય તેવા તેને કોમ્પ્યૂટરની બેઝીક લાયકાત તરીકે માન્ય ગણાશે. આ અન્વયે સંબંધિત ગુણપત્રકની નકલ સ્વીકાર કેન્દ્ર પર ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે રજુ કરવાનું રહેશે.

b. જો ઉક્ત લાયકાતોમાં કોમ્પ્યુટર વિષય તરીકે ન હોય તો, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવ મુજબ કમ્પ્યુટરની બેઝિક જાણકારી અંગેનુ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

## ✓ અન્ય જરૂરી સૂચનાઓ

1. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ ભરતી પસંદગી સમિતિ/ખાતા/સંબંધિત શાળા દ્વારા માંગવામાં આવે ત્યારે  અસલમાં રજુ કરવાના રહેશે. રજૂ ન કરી શકનાર ઉમેદવારોની નિમણૂંક જે તે તબક્કે રદ કરવામાં આવશે.

2. કોઈ ઉમેદવાર બનાવટી દસ્તાવેજો રજુ કરશે કે દસ્તાવેજો સાથે ચેડાં કરીને રજુ કરવામાં આવશે તો તેમની સામે નિયમોનુસાર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર જણાયે ફોજદારી ગુનો પણ દાખલ કરવામાં આવશે.
3. બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય અંગેની ભરતીની અરજી બાબતોમાં ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અને માંગેલ તમામ માહિતી સાચી આપવાની રહેશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધૂરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઈપણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઈપણ પ્રકારની અરજી/રજુઆત સ્વીકારવામાં આવશે નહીં અને આવા ઉમેદવારને ભવિષ્યમાં પાંચ વર્ષ માટે ઉમેદવારી માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.
4. ચાલુ નોકરી દરમિયાન ડીગ્રી મેળવેલ હોય તેવા કિસ્સામાં - ગુજરાત રાજ્યમાંથી મેળવેલ S.N.D.T. યુનિવર્સીટીની લાયકાત શિક્ષણ વિભાગના તા.૨૬/૧૧/૨૦૧૯ના ઠરાવની નીચે મુજબની જોગવાઇઓને ધ્યાને લઈ માન્ય ગણવામાં આવશે.

   " શિક્ષણ વિભાગના તા.૦૧/૦૯/૨૦૧૨ના ઠરાવ બાદ ગુજરાત રાજ્યના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ હોય તેવી તમામ સંસ્થાઓ જે તેના કાર્યક્ષેત્ર હેઠળની ગુજરાતની સરકારી યુનિવર્સિટીઓમાં જોડાણ મેળવી લીધેલ હોય તેવી સંસ્થાઓના રાજ્ય સરકારની યુનિવર્સિટીઓ સાથેના જોડાણ મેળવવાના સમયગાળા પહેલાની S.N.D.T. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઇ સંલગ્ન ડિગ્રીને માન્ય ગણવાનું આથી ઠરાવવામાં આવે છે."
5. યુ.જી.સી માન્ય યુનિવાર્સીટી દ્વારા મેળવેલ ડીગ્રી જ ગ્રાહ્ય રાખવામાં આવશે. તેમજ ચાલુ નોકરી દરમિયાન ડીગ્રી મેળવેલ હોય તેવા કિસ્સામાં નીચે મુજબની State Open universities સિવાયની રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી open and distance learning દ્વારા મેળવેલ ડીગ્રી માન્ય રહેશે નહી. ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની લાયકાત માન્ય રાખવાની રહેશે.
   1. DR. B.R. AMBEDKAR OPEN UNIVERSITY (BRAOU), HYDERABAD, A.P.
   2. VARDHMAN MAHAVEER OPEN UNIVERSITY (VMOU), KOTA, RAJASTHAN
   3. NALANDA OPEN UNIVERSITY (NOU), PATNA, BIHAR
   4. YASHWANTRAO CHAVAN MAHARAHSTRA OPEN UNIVERSITY (YCMOU), NASHIK, MAHARASHTRA
   5. MADHYA PRADESH BHOJ OPEN UNIVERSITY (MPBOU), BHOPAL, M.P.
   6. DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY (BAOU), AHMEDABAD, GUJARAT
   7. KARNATAKA STATE OPEN UNIVERSITY (KSOU), MYSORE, KARNATAKA
   8. NETAJI SUBHAS OPEN UNIVERSITY (NSOU), KOLKATA, W.B.
   9. U.P. RAJARSHI TANDON OPEN UNIVERSITY (UPRTOU), ALLAHABAD, U.P.
   10. TAMIL NADU OPEN UNIVERSITY (TNOU), CHENNAI, TAMIL NADU
   11. PT. SUNDERLAL SHARMA OPEN UNIVERSITY (PSSOU), BILASPUR, CHHATTISGARH
   12. UTTARANCHAL OPEN UNIVERSITY, HALDWANI, (NAINITAL), UTTARANCHAL
   13. K. K. Handique State University, Guwahati, Assam
6. ચાલુ નોકરી દરમિયાન ડીગ્રી મેળવેલ હોય તેવા કિસ્સામાં - રાજ્ય બહારની યુનિવર્સિટી માંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાત ધરાવતા ઉમેદવારો માટે રજુ કરવાના આધારો.

a. અન્ય રાજ્યમાં સ્નાતક થયા હોય તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનું સ્થળાંતર પ્રમાણપત્ર (માઈગ્રેશન સર્ટી)ની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.
b. અન્ય રાજ્યમાં અનુસ્નાતક થયા હોય તો સ્નાતકનો છેલ્લો અભ્યાસ જે યુનિવર્સિટીમાંથી કરેલ હોય તેનું સ્થળાંતર પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.
c. અન્ય રાજ્યની કોલેજ અથવા યુનિવર્સીટીનું બોનાફાઈડ પ્રમાણપત્ર.
d. અભ્યાસ દરમિયાન જ્યાં રહેઠાણ હોય તેનો પુરાવો, હોસ્ટેલમાં રહેઠાણ હોય તો હોસ્ટેલ ફી ભર્યાની પાવતી.
e. પરીક્ષા જે સ્થળે આપેલ હોય તે સ્થળની હોલ ટીકીટ.
f. અભ્યાસ કરેલ કોલેજ યુનિવર્સીટી પાસેથી મેળવેલ જોડાણની નકલ અથવા માન્યતાની નકલ.
g. માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની લાયકાત રેગ્યુલર અભ્યાસક્રમ (નિયમિત અભ્યાસક્રમથી મેળવેલ છે. તે અંગે યુનિવર્સિટી રજીસ્ટારનું પ્રમાણપત્ર
h. ઉપરોક્ત પુરાવા સિવાયનો અન્ય કોઈ પુરાવો હોય તો તે

7. જે ઉમેદવાર રાજય બહારની યુનિવર્સિટીમાંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાતના પ્રમાણપત્ર ધરાવતા હશે તેવા કિસ્સામાં અસલ પ્રમાણપત્રોની ખરાઇ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ નિયમોનુસાર કર્યા પછી જ નિમણૂંક માટે પાત્ર ઠરશે. જો લાયકાતના પ્રમાણપત્ર બનાવટી હશે તો નિયમોનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.

આ સમગ્ર ભરતી પ્રક્રિયા બાબતે ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યની ભરતી સંબંધે તમામ સૂચનાઓ/વિગતો વખતોવખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઈટની ચકાસણી કરવાની રહેશે. વેબસાઈટ પર મુકેલ કોઈપણ સૂચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવારો ભરતીના કોઈપણ તબક્કે સામેલ ન થઈ શકે તો આ અંગે ઉમેદવારોની અંગત જવાબદારી રહેશે. આ અંગે કોઈ લેખિત કે મૌખિક રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

**Sd/-**

(પ્રજેશકુમાર.આર. રાણા, આઇ.એ.એસ.)

અધ્યક્ષ

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની
પસંદગી સમિતિ અને નિયામક, શાળાઓની
કચેરી, ગુ.રા,ગાંધીનગર